सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ ૩૩ એપ્રિલ -૨૦૧૪ અંક ૪

## વાલીઓને....

### શારદામંદિર જેવી સંસ્થાએ અંગ્રેજી માધ્યમ કેમ શરૂ કર્યું ?

માતૃભાષા દિને વક્તાઓના પ્રવચન પછી પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન પૂછવામાં આવ્યો કે શારદામંદિર જેવી સંસ્થાએ અંગ્રેજી માધ્યમ કેમ શરૂ કર્યું?

હું તો શ્રોતાગણમાં બેઠો હતો પરંતુ મેં ઉભા થઈને જણાવ્યું કે આ પ્રશ્નનો જવાબ હું આપું તો યોગ્ય ગણાશે.

મેં જણાવ્યું કે આજથી પાંચેક દાયકા અગાઉ સંસ્થાનું સંચાલન કરવાની જવાબદારી મેં સ્વીકારી ત્યારે સંસ્થામાં વિદ્યાર્થીઓની સંખ્યા પાંખી હતી અને એ દરમ્યાન જ આજ વિસ્તારમાં અંગ્રેજી માધ્યમની શાળાઓ ઉભી થઈ રહી હતી. આ સંજોગોમાં અંગ્રેજી માધ્યમ શરૂ કરવા મારા ઉપર દબાણ ઉભુ થાય તે સ્વાભાવિક હતું પરંતુ શાળા કક્ષાએ માધ્યમ માતૃભાષા જ હોઈ શકે એવી મારી દ્રઢ માન્યતા સાથે મેં માધ્યમ ગુજરાતી જ રાખી પરિસ્થિતિનો સામનો કરવો યોગ્ય માન્યું.

પ્રશ્નોત્તરીના જવાબમાં ટુંકા સમયમાં લંબાણપૂર્વક જણાવવું શક્ય ન હતું પરંતુ બદલાયેલા સંજોગોમાં આ નિર્ણય લેવાનો થયો તેમ જણાવ્યું.

વિદ્યાર્થીને અપાતું શિક્ષણ વર્ગખંડની ચાર દિવાલમાં જ ન રાખતાં વિદ્યાર્થીની સુષુપ્ત શક્તિઓ ઈતર પ્રવૃત્તિઓથી બહાર લાવવાનો અભિગમ આ સંસ્થાનો હંમેશા રહ્યો હતો. નૃત્યનાટિકા, પ્રવાસો, પ્રાતઃપ્રાર્થના જેવા કાર્યક્રમો આ સંસ્થાની એક આગવી ઓળખ તો હતીજ. આ પ્રવૃત્તિઓમાં ઉમેરો કરીને શિક્ષણ આપવું મને વધુ યોગ્ય લાગ્યું, આથી ક્રિકેટ, લઘુનાટિકાઓ, સંગીત સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓમાં ઉમેરો કરવો જરૂરી જણાયો. આ માટે દરેક વર્ગના વિદ્યાર્થીઓને ચાર ગૃહોમાં વહેંચી સ્પર્ધાઓ કરવાનું આયોજન કરવામાં આવ્યું. સ્પર્ધાને કારણે વિદ્યાર્થીઓ પણ પોતાની મહત્તમ શક્તિ બહાર લાવવા લાગ્યા. આ પ્રવૃત્તિઓ એકેડેમીક વિષયોને નબળા બનાવશે તે ડરને કારણે શરૂઆતમાં થોડા વિરોધનો સામનો કરવો પડયો પરંતુ થોડા જ સમયમાં બોર્ડની જાહેર પરીક્ષામાં પણ આ શાળાના વિદ્યાર્થીઓનો સારો દેખાવ રહ્યો. અને આ બધી પ્રવૃત્તિઓમાં ખૂબ પ્રોત્સાહન વાલીઓ તરફથી પણ મળવા લાગ્યું.

થોડા જ વર્ષોમાં વિદ્યાર્થીઓની પાંખી સંખ્યાનો પ્રશ્ન તો હલ થયો અને સંસ્થામાં નવા પ્રવેશ આપવા મુશ્કેલ બની ગયા.

આ બધા વર્ષોમાં બાલમંદિરનો પાયો મહત્વનો રહ્યો તેનો ભરપૂર લાભ સંસ્થાને મળતો ગયો.

જ્યોત્સ્નાબેન શોધન જેવા સક્ષમ કાર્યકર તેની સંભાળ લેતા હતા અને બાળકો સારી તાલીમ પામીને પ્રાથમિક શાળામાં આવતા હતા. આથી ઉપરના ધોરણોમાં હળવાશ હતી.

ચારેક અઠવાડીયાના ભારતના જુદા જુદા પ્રવાસોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને એકબીજાને સમજવાનો ભારે યોગ પ્રાપ્ત થતો. આ ઉપરાંત દરેક ગૃહ નેતા તરીકે એક શિક્ષક રહેતા આથી શિક્ષક વિદ્યાર્થીનો સકારાત્મક યોગ થતો ગયો. વેકેશનના રજાના દિવસો કે રવિવારની રજાના દિવસોનો કોઈ આગ્રહ શિક્ષકોએ રાખ્યા સિવાય પોતાનો ઘણો સમય સૌ કાર્યકરો આપતા તે આ સંસ્થાનું સદનસીબ ગણવું રહ્યું.સંગીત, ચિત્ર, ગરબા, ક્રિકેટ, પ્રવાસો જેવી પ્રવૃત્તિઓ આ સંસ્થાની ઓળખ બની ગઈ. પ્રાતઃપ્રાર્થના જેવી પ્રવૃત્તિઓ આ સંસ્થાની ઓળખ હતી જ. પ્રાતઃપ્રાર્થના જેવી પ્રવૃત્તિઓમાં પણ ગૃહના ગુણનો ઉમેરો થતો હોઈ વિદ્યાર્થીઓ હોંશથી પ્રાતઃપ્રાર્થનામાં આવતા હતા અને હાજરી ૯૦% જેવી બની ગઈ. સુરક્ષિતતાના પ્રશ્નો ઉભા થતાં આ પ્રવૃત્તિ બંધ કરવી અનિવાર્ય બની ગઈ તે દુઃખદ બીના છે.

૧૦+૨ આવતાં પ્રથમ વર્ષે શ્રેણી ૧૧ બંધ કરવાનો પ્રસંગ ઉભો થયો. પૂર્વ આયોજન સિવાય આનો અમલ કરવાનો વિરોધ કર્યો પણ (વિજ્ઞાન પ્રવાહનો સમાવેશ કરી ) આનો અમલ કરવામાં આવ્યો. શિક્ષકોએ જે નિષ્ઠાથી કામ કર્યું હતું તેમને પણ શ્રેણી ૧૧ બંધ થતા ફાજલ કરવાનો સમય આવીને ઉભો રહ્યો. આ શિક્ષકો સાથે ચર્ચા વિચારણા કરી ઉચ્ચતર વિભાગની જવાબદારી આગળ ઉપર તેમણે લેવી તેવું જણાવતાં તે જવાબદારી તેમણે સ્વીકારી અને ઉચ્ચતર વિભાગનું શિક્ષણ પણ જરા પણ કથળ્યા સિવાય ચાલુ રહ્યું. શ્રેણી ૧૨ના વર્ગો શરૂ થતાં અને કોલેજનું પ્રથમ વર્ષ શરૂ થતા કોલેજના ફાજલ શિક્ષકો શાળામાં આવ્યા હોવા છતાં શ્રેણી ૧૨માં તો આ સંસ્થાના શિક્ષકો જ ઉચ્ચતર શિક્ષણનું કામ કરે એવું આયોજન જરૂરી માન્યું. શ્રેણી ૧૨માં કામ ન આપવામાં આવે તો કેટલાક સારી કોલેજના શિક્ષકોએ શાળામાં આવવાનું પસંદ ન કર્યું, તો પણ આ આયોજન પ્રમાણે જ કામ ચાલુ રહ્યું. આ શિક્ષકોએ નિષ્ઠાપૂર્વક શિક્ષણ કાર્ય કર્યું. તેનું પરિણામ ઉચ્ચતર માધ્યમિક બોર્ડમાં પ્રથમ વર્ષમાં સામાન્ય તેમજ વિજ્ઞાન બંને પ્રવાહોમાં આ સંસ્થાના વિદ્યાર્થીઓએ પ્રથમ સ્થાન મેળવ્યું તે રેકોર્ડ ગણવો જોઈએ.

પરંતુ કમનસીબી એ હતી કે વયમર્યાદાને કારણે હવે આ નિષ્ઠાવાન શિક્ષકો નિવૃત્ત થતા ગયા અને તેમનું સ્થાન કોલેજમાંથી ફાજલ થતા શિક્ષકો લેતા ગયા. લગભગ સમગ્ર સ્ટાફ ફાજલ આવેલા શિક્ષકો (ત્રણ ચાર અપવાદ) સિવાયનો બની ગયો. આ શિક્ષકોમાં નિષ્ઠાનો અભાવ તો ખરો જ પરંતુ વિષયનું જ્ઞાન પણ અપૂરતું. નામ લઈને એક દાખલો આપું અમર ભટ્ટ અત્યંત તેજસ્વી વિદ્યાર્થી ( આજે તો ગુજરાતી વિશ્વકોશ તેની ઓળખ બની ગઈ છે ) તેને નાનપણથી જ સાહિત્યમાં રસ. કુટુંબ પણ ગુજરાતી સાહિત્ય સાથે ઘનીષ્ઠ રીતે સંકળાયેલું. એણે "મારો ગમતો કવિ" ઉપર નિબંધ રમેશ પારેખ વિશે લખ્યો. ગુજરાતીના આ ફાજલ શિક્ષકે તેને પૂછયું "આ રમેશ પારેખ કોણ છે?" વિધિની વક્રતા તો એ કે આ ફાજલ શિક્ષક જે કોલેજમાંથી ફાજલ થયા હતા તે કોલેજ અમરેલીથી થોડા જ કિલોમીટરના અંતરે આવેલી હતી.

આ પરિસ્થિતિમાં ઈતરપ્રવૃત્તિઓ કરવી અશક્ય બની ગઈ અને તેની જગ્યાએ ગુણ માટેની સ્પર્ધા અને ગોખણપટ્ટીએ તેનું સ્થાન લીધું.

સાથે સાથે અમદાવાદમાં કોર્પોરેટ શાળાઓ આજથી બે દાયકા અગાઉ આવવી શરૂ થઈ. આ શાળાઓમાં વિષયના નિષ્ણાત અને સુસજ્જ શિક્ષકો હતા એથી વાલીઓ આવી શાળામાં પોતાના બાળકને મૂકવા લલચાય તે સ્વાભાવિક છે. આ શાળાઓનું નકારાત્મક પાસું એ છે કે ગુજરાતી કુટુંબોના બાળકો ગુજરાતી સંસ્કારથી સાવ વંચિત થઈ જાય છે. આ વિષય ચિંતાનો છે. આ શાળાઓમાં ગુજરાતી સંસ્કારનો અભાવ તો ખરો જ સાથે સાથે ગુજરાતી કુટુંબોમાંથી દાખલ થનાર બાળક માટે બીજી ભાષા તરીકે પણ ગુજરાતી અપાતી નથી.

આ પરિસ્થિતિમાં ગુજરાતી માધ્યમની શાળા યથાવત રાખી ગુજરાતી સંસ્કાર ટકી રહે તેવું વાતાવરણ પૂરું પાડવું એ વિચારણા સાથે એક દાયકા અગાઉ અંગ્રેજી માધ્યમની શાળા શરૂ કરી. ભાષા તરીકે અંગ્રેજી માટે તો કોઈ વિરોધનો પ્રશ્ન ન હોય પરંતુ બાળક અંગ્રેજીમાં સમજી ન શકે તો ગુજરાતીમાં પણ તેમને સમજાવવું એ આગ્રહ આ માટે

રાખવાનું મુનાસીબ માનીએ છીએ.

આજે બાલમંદિરમાં બાળકો ગુજરાતી ગીતો ગાય છે તો કેટલીક અંગ્રેજી સુંદર નર્સરી રાઈમ્સ પણ બાળકોને ગાવી ગમે છે. આમ અંગ્રેજી ભાષાનો પરિચય સાહજીક રીતે બાળકોને થતો રહે છે.

મને એ પણ જણાવતા આનંદ થાય છે કે આ સંસ્થાના અંગ્રેજી માધ્યમની વિદ્યાર્થિનીઓએ ગરબા સ્પર્ધામાં પણ પારિતોષિક પ્રાપ્ત કર્યા,ગુજરાતી ગીતોની સંગીત સ્પર્ધામાં પારિતોષિક મેળવ્યા છે સાથે સાથે ગુજરાતી સાહિત્ય સાથે પણ આ સંસ્થાના અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ સંકળાયેલા રહે છે.ભાષા તો ફૂલની માફક વિકસવી જોઈએ અને તેની માવજત પણ ફૂલની માફક કરવી ઘટે. અણઘડ રીતે ભાષા સાથે વ્યવહાર બૂમરેંગ બને છે.

અંગ્રેજી માધ્યમ શરૂ કરવાનો આ પ્રયોગ કરવાનો નિર્ણય બદલાયેલી પરિસ્થિતિમાં લેવો પડયો. ગુજરાતી ભાષા માટે રાસુભાઈ વકીલ (કોઈ પણ પ્રસિધ્ધિ સિવાય )સમગ્ર પ્રવૃત્તિને બળ પૂરુ પાડે છે અને ડૉ.રવીન્દ્રભાઈ દવે, શ્રી રાજેન્દ્રભાઈ, શ્રી પી.જી.પટેલ જેવા વિદ્વાનોનો સાથ તેમને મળ્યો છે.

સેપ્ટમાં ગુજરાતી ભાષાના સમર્થન અંગે પ્રથમ મીટીંગ બોલાવવામાં આવી હતી તેમાં અમદાવાદના અને ગુજરાતના જુદા જુદા વિસ્તારના શિક્ષકો, સંચાલકો પચાસેક સંખ્યામાં મળ્યા હતા તે સમયે જાણવા મળ્યું કે શારદામંદિરની માફક અન્ય કેટલીક પ્રગતિશીલ શાળાઓ જેવી કે નવરંગ, વિદ્યાનગર જેવી અંગ્રેજી માધ્યમ ચલાવતી સંસ્થા આ પ્રકારની વિચારધારા સાથે જ કામ કરે છે તે જાણીને આનંદ થયો.

ગુજરાતની અન્ય કેટલીક સંસ્થાઓ પણ આ વિચારધારા સાથે કામ કરતી હશે. વિપરીતતા તો એ છે કે જે કોર્પોરેટ શાળાઓ ગુજરાતમાં આવેલી છે તેમાં બીજી ભાષા તરીકે ગુજરાતીનો ઉપયોગ થતો નથી. હકીકતમાં માત્ર ગુજરાતમાં જ નહીં પણ અન્ય રાજ્યોના શહેરોમાં જ્યાં વિશાળ ગુજરાતી સમાજ રહેલો છે (જેવા કે મુંબઈ, દિલ્હી, કલકત્તા, ચેન્નાઈ, બેગ્લોર જેવા) તે નગરોમાં પણ અંગ્રેજી માધ્યમની શાળાઓમાં આ અભિગમ સાચવીને બીજી ભાષા તરીકે ગુજરાતીને જ ફરજીયાત બનાવાય તો લગભગ બધા જ ગુજરાતી કુટુંબોમાં ગુજરાતી બોલાતી થાય અને ગુજરાતી ભાષા સાથે ગુજરાતી સંસ્કૃતિ પણ ટકી રહે.

દિનુભાઈ દવે

## સ્વ.શ્રી રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

સ્વ.શ્રી રમણભાઈ દવેએ સંસ્થાને આપેલ આજીવન સેવા અને સંગીત સાધનાને અનુલક્ષીને શારદામંદિર દર વર્ષે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધાનું આયોજન કરે છે, જેમાં બે વિભાગ રાખવામાં આવે છે.

નાના વિભાગમાં ધોરણ ૫,૬,૭,૮નાં વિદ્યાર્થી ભાઈબહેનો અને મોટા વિભાગમાં ધોરણ ૯,૧૦,૧૧,૧૨ના વિદ્યાર્થી ભાઈબહેનો ભાગ લે છે. બંને વિભાગમાં પ્રથમ વિજેતાને રૂ.૨૫૦/- , દ્વિતીય વિજેતાને રૂ.૧૫૦/- અને તૃતીય વિજેતાને રૂ.૧૦૦/- નું ઈનામ આપવામાં આવે છે. તા.૨૬ ફેબ્રુઆરીને ગુરુવારનાં રોજ સવારે ૧૦-૩૦ વાગે મોટા પ્રાર્થનામંદિરમાં આ સ્પર્ધા યોજાઈ.

**નિર્ણાયક તરીકે ડૉ.હરકાન્તભાઈ દવે અને શ્રી આભાબેન દેસાઈ અને શ્રી મૃદુલાબેન પરીખે સેવા આપી હતી. આ માટે સંસ્થા ત્રણેય નિર્ણાયકો માટે આભારની લાગણી વ્યક્ત કરે છે. સ્પર્ધાનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું.**

નાનો વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ | દેશના શાહ | શારદામંદિર મોડર્ન સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) |
| દ્વિતીય | રિધ્ધિ કુલકર્ણી | લીટલ ફ્લાવર સ્કૂલ |
| તૃતીય | આત્મન શાહ | સી.એન.કિશોર વિદ્યાલય |

મોટો વિભાગ

| | | |
|---|---|---|
| પ્રથમ | નિનાદ બૂચ | શારદામંદિર મોડર્ન સ્કૂલ (અંગ્રેજી માધ્યમ) |
| દ્વિતીય | નૂપુર મહેતા | શારદામંદિર વિનયમંદિર |
| તૃતીય | દેવર્ષિ સોનેજી | દિવાન બલ્લુભાઈ મા.શાળા |

## બાળકને રજાની મજા માણવા દો

'બેન ! પરીક્ષાની તારીખો નક્કી થઈ ગઈ ?'

'કેમ આટલી બધી શી ઉતાવળ છે ? હજી તો ઘણી વાર છે...'

' પણ પછી બહારગામ જવું હોય તો રીઝર્વેશન નથી મળતાં ને એટલે...'

'વાત તદન સાચી, પણ દરેક આયોજન એના સમય પ્રમાણે જ થાય ને ! એમાં ઉતાવળ અને અધીરાઈ કેવી રીતે ચાલે ?'

પરીક્ષાનો કાર્યક્રમ અપાઈ જાય અને પરીક્ષા ચાલુ પણ ન થઈ હોય ત્યાં પાછી પૂછપરછ શરૂ થાય...'બેન ! આ વખતે તમે વેકેશનમાં કોઈ શિબિર નથી કરવાનાં ? કોઈ વર્ગો નથી ચલાવવાનાં ! આટલું લાંબુ વેકેશન, છોકરાં શું કરે ? કંટાળી ન જાય - આ ઉનાળાનું વેકેશન તો ભારે મુશ્કેલ બની જાય છે... પરીક્ષા થઈ ગઈ હોય એટલે ભણવાનું તો હોય નહીં.. ઉનાળાની ગરમી, છોકરાંને બહાર રમવા પણ ન દેવાય... પૂરો દોઢ મહિનો તો છોકરાં માથું ફેરવી કાઢે છે એવા કંટાળી જવાય છે, કંઈ વર્ગો કે શિબિર હોય તો કંઈક નવું શીખેય ખરા ને પ્રવૃત્તિ તો મળી રહે...'

'તમારો બાબો કેટલા વર્ષનો છે ?'

'સાત વર્ષનો'

અને મને એક ઘેરો આઘાત લાગ્યો. આ બાળકને આપણે શું આપણા ચાવીવાળા રમકડાં સમજીએ છીએ ? એક તો ભણવાની અને પરીક્ષાના માર્કસની ઘેલછા પાછળ આપણે એની પાસે ગજા બહારનું કામ લેતાં હોઈએ ,માંડ પરીક્ષા પતે તેની રાહ બાળક જોતું હોય, એના દોસ્તો સાથે વેકેશનમાં મઝા કરવાના પ્લાન ઘડતું હોય, ત્યાં તો તેની મમ્મીએ તેના માટે વેકેશનમાં ભરવાનાં વર્ગોનું આયોજન ગોઠવી જ દીધું હોય. એને શું ગમશે કે શું નહીં ગમે તે વિચારવાની વાત તો બાજુ પર રહી પણ ઉપરથી કહેશે, 'એને શું ખબર પડે ? એની જવાબદારી તો આપણે માથે જ હોય ને ! આપણે કહીએ એ એણે કરવાનું જ હોય ને ! ' બાળક બિચારુ 'હાશ'નો શ્વાસ કયારે લે ? એને relax થવાનો અધિકાર જ નથી ? આખા વર્ષ દરમ્યાન રોજ પાંચ છ કલાક સ્કૂલ, સ્કૂલ છૂટે એટલે રોજેરોજ કયાં તો ટયુશન, અંગ્રેજીના વર્ગ, કમ્પ્યૂટરનાં વર્ગ, ચિત્ર, સંગીત, નૃત્ય, ચેસ, સ્વીમીંગ, ઈતર પ્રવૃત્તિનો ય કયાં આરો આવે તેમ હોય છે ! દરેક માને તેના બાળકને જેમ ટોપર બનાવવું છે તેમ સર્વગુણસંપન્ન પણ બનાવવું છે, અને તે પણ ખૂબ ઝડપથી અને એટલે આખું ય વર્ષ મેરેથોન દોડ જ કરવાની હોય..

માંડ વેકેશન મળે કે જયારે એ ઘરનો ખૂણેખૂણો માણી શકે, નિશ્ચિંતે રમી શકે, મિત્રોને હળવાશથી હળી મળી શકે, મામા, માસી કે ફોઈને ત્યાં જઈ સ્વજનોની હૂંફ માણી શકે ત્યારે મમ્મી તેને માટે વર્ગનું આયોજન કરીને તેને ફરીને સમયનાં બંધનમાં બાંધવાની ભાંજગડ કરતી હોય છે. બાળકના ઘડતરમાં સ્વજનોનો પ્રેમ, કુટુંબભાવના, વડિલો માટેનો પૂજ્યભાવ એ પણ કેટલા મહત્વના પરિબળો છે. તેનો ખ્યાલ આજની કહેવાતી શિક્ષિત માતાઓનાં મગજમાંથી સાવ જ જતો રહ્યો છે. તમે કયારેય હસતું, રમતું, ખિલતું, કિલ્લોલતું ને નિર્દોષ હાસ્ય વેરતું બાળક જોયું છે ખરૂં ! એની આંખોમાં જાણે સાક્ષાત્ ઈશ્વરનાં દર્શન થાય છે,પણ આપણામાં એ જોવા માટેની ક્ષમતા છે ખરી ! એ દ્રષ્ટિ છે ખરી ! આપણે બાળકોને રોબોટ નથી બનાવવાના, સંવેદનશીલ જીવંત માનવ બનાવવાનાં છે, એ હળવાશ નહીં અનુભવે તો એની બધી જ સંવેદનાઓ મૂરઝાઈ જશે, એને જીવનમાં હળવી ક્ષણો માણવા દો, મનને ગમે તેમ રમવા દો, ખીલવા દો, ખેલવા દો. રજાની મજાનાં ગીતો તો આપણે ગવડાવીએ છીએ પણ એની અનુભૂતિ તેને થવા દો... એટલે જ મને એક ડૉક્ટરે કહેલું સૂચન બહુ ગમ્યું..'બેન ! છોકરાંઓને માટે વેકેશનમાં ગિલ્લીદંડા, ખો, થપ્પો, એવું રમવાના વર્ગો ચલાવો, જરૂર હોય તો હું શીખવાડવા આવીશ..' આજે છોકરાંઓ આ બધી રમતો જ જાણે ભૂલી ગયાં છે. એની મઝાનો આપણને ખ્યાલ છે ખરો !

પૈસા ખર્ચીને, બાળકોને વર્ગોમાં મોકલી દઈને પોતાની ફરજ બજાવી દીધાનો, બાળકની પ્રગતિ માટે બધું જ કરી છૂટયાંનો સંતોષ લેવો શું યોગ્ય છે ? બાળકના જીવનને જીવંત રાખવું હશે, તેનું ઘડતર કરવું હશે તો તેને સમય આપવો પડશે. તેની સાથે વેકેશનનો સમય ગાળવો પડશે. એના નિકટના પાંચ સાત મિત્રોને ત્યાં ભેગા મળી વાર્તા, સંગીત, ચિત્ર, રમતગમત, કવીઝ કેટકેટલી પ્રવૃત્તિ કરી શકાય ! દરેક માતા

પાસે કંઈક આવડત તો હોય છે જ, આપણે જ બાળકોને અને તેના મિત્રોને આપણી આવડતનો લાભ ન આપી શકીએ ! આજે જ્યારે બાળકો એકબીજાના અસ્તિત્વને ખમી શકતા નથી ત્યારે તેમનામાં સામાજિકતા, સહકાર, સ્નેહની ભાવના ઉભી કરતા આવા આયોજનની ખૂબ જરૂર ઉભી થઈ છે. પૈસા ખર્ચી વ્યવસાયી માણસોથી ચાલતા વર્ગો કરતાં માતાઓ તરફથી મળતાં આ વાત્સલ્યથી જ બાળકને સાચું relaxation મળશે ને વેકેશન પૂરુ થતાં તે વધુ પ્રફુલ્લિત બનશે.

ઊર્મિલા શાહ

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

તા.૧૧-૧-૧૪ના રોજ શાળામાં પતંગોત્સવ ઉજવવામાં આવ્યો. બાલમંદિરમાં લગાવેલા રંગબેરંગી પતંગો જોઈ બાળકો ખૂબ ખુશ થઈ ગયા. નાના પતંગ બનાવી બાળકોને વહેંચ્યા.

તા.૨૫-૧-૧૪ના રોજ પ્રજાસત્તાક દિનની ઉજવણી કરવામાં આવી. શૌર્યગીત, કૂચ તથા રાષ્ટ્રગીત ગાઈ રાષ્ટ્રધ્વજને સલામી આપી. બાળકોને રાષ્ટ્રધ્વજ બનાવીને આપ્યા. તા.૪-૨-૧૪ને મંગળવારે વસંતપંચમી નિમિત્તે વસંતના ગીતો ગાઈ સરસ્વતી દેવીનું પૂજન કર્યું. બાળકોને તિલક કરી વસંતના વધામણાં લીધાં.

તા.૨૫-૨-૧૪ના રોજ "સાચા બોલા હરણાં" નું નાટક ભજવી શિવરાત્રી પર્વનું મહત્ત્વ સમજાવ્યું. "ૐ નમઃ શિવાય" ની ધૂન બોલાવી. તા.૧૪-૩-૧૪ને શુક્રવારે હોળી પર્વ નિમિત્તે હોળીના ગીતો ગાઈ, સમૂહ નૃત્ય કરી, સમૂહ વાર્તા દ્વારા તહેવારનું મહત્ત્વ સમજાવ્યું.ભક્ત પ્રહલાદનું નાટક ભજવી અધર્મ પર ધર્મનો વિજય થાય છે તેની ઉજવણી રૂપે હોળી ઉજવાય છે એ સમજ આપી બાળકોને ગુલાલ તેમજ કેસૂડાનાં પાણીથી હોળી રમાડી. બાળકોને હોળી રમવાની ખૂબ જ મઝા આવી.

તા.૩૧-૩-૧૪ના રોજ ગુડી પડવા નિમિત્તે બાળકોને લીમડાનો રસ પીવડાવ્યો અને ચૈત્ર મહિનામાં લીમડાનો રસ પીવાથી થતા ફાયદા વિશે બાળકોને સમજ આપી.રામનવમીના તહેવાર નિમિત્તે ભગવાન રામની વાર્તા કહી, રામધૂન બોલાવી. આ દિવસે શ્રી સ્વામીનારાયણ ભગવાનનો પણ જન્મ થયો હતો તે માહિતી આપી.આ મહિના દરમ્યાન બાલસભાનું આયોજન કર્યું. જેમાં બાળકોએ સુંદર બાળગીતો, જોડકણાં નૃત્ય અને કાલીઘેલી ભાષામાં વાર્તા રજૂ કરી.બાળકોને હવે સંગીત પ્રત્યે સારી અભિરૂચિ જાગી છે.

## બાલમંદિર

તા.૧૪ જાન્યુઆરી ઉત્તરાયણ પર્વની સમજ પાઠ દ્વારા આપી. સમૂહમાં પતંગ ચગાવવાની મજા માણી. બાળકોને પતંગના જુદા જુદા ગીતો ગાવાની ખૂબ મજા આવી.

'દલા તરવાડી' પપેટ બતાવવામાં આવ્યું. દલા તરવાડીને કૂવામાં ડૂબકાં ખાતા જોઈ બાળકો આનંદમાં આવી ગયા.

તા.૨૬ જાન્યુઆરી નિમિત્તે રાષ્ટ્રધ્વજ વિશે માહિતી આપી. હાથમાં ધ્વજ લઈ સુંદર કૂચ કરી ધ્વજને સલામી આપી રાષ્ટ્રગીત ગાયું.

તા.૩૦ જાન્યુઆરી ગાંધી નિર્વાણદિન નિમિત્તે ભજન, ધૂન ગાઈ બે મિનિટ મૌન પાળી પ્યારા બાપુને શ્રધ્ધાંજલિ અર્પી. નાના બાળકોને ગાંધીજી વિશે પરિચય આપી એમને વહાલું રમકડું 'ત્રણ વાંદરા'ની સમજ આપી.

વસંતપંચમી નિમિત્તે સરસ્વતીદેવીનું પૂજન કરાવી સ્વામીનારાયણ સંપ્રદાયમાં આજ દિવસે શિક્ષાપત્રી બહાર પાડવામાં આવી એ અંગે માહિતી આપી. વસંતના સુંદર ગીતો ગાઈ પર્વની ઉજવણી કરવામાં આવી.

તા.૧૩-૨-૧૪ અને તા.૧૪-૨-૧૪ના રોજ તાલીમના બાળકો માટે રમતોત્સવ યોજાયો. તા.૨૧-૨-૧૪ને શુક્રવારે વિશ્વમાતૃભાષાદિન નિમિત્તે બાળકોને 'ગુજરાતી આપણી માતૃભાષા' અંગે સમજ આપી.શબ્દો અને વાક્યોનું સુલેખન કરાવ્યું. તા.૨૪-૨-૧૪ના રોજ તાલીમના બાળકો માટે ચિત્ર હરિફાઈનું આયોજન કરવામાં આવ્યું જેમાં બાળકોએ રંગ અને રેખામાં તેમના મનની અભિવ્યક્તિ કરી.

તા.૨૫-૨-૧૪ને મંગળવારે શિવરાત્રી પર્વ નિમિત્તે સાચાં બોલાં હરણાં નાટક બતાવી પારધીના હૃદય પરિવર્તન અંગે માહિતી આપી.

તા.૨૮-૨-૧૪ અને તા.૧-૩-૧૪ને શુક્રવાર અને શનિવારના રોજ તાલીમના બાળકો દ્વારા વિજ્ઞાનમેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ રમતાં રમતાં વિજ્ઞાન અંતર્ગત સુંદર પ્રયોગો સમજાવ્યા.

તા.૧૩-૩-૧૪ ને ગુરુવારે હોળી ઉત્સવની ઉજવણી કરવામાં આવી. તા.૧૪-૩-૧૪ને શુક્રવારે ભક્ત પ્રહલાદ નાટક બતાવી અધર્મ પર ધર્મનો વિજય થાય છે એ સમજાવી આ તહેવારનું ધાર્મિક મહત્ત્વ સમજાવ્યું. તા.૧૫-૩-૧૪ને શનિવારે હોળી પ્રગટાવી તેની પૂજા કરાવી આ દિવસે સૂર્યપૂજાનું પણ મહત્ત્વ છે એ સમજાવ્યું. ત્યારબાદ બાળકો કેસૂડાના પાણીથી ઉત્સાહભેર હોળી રમ્યા.

તા.૨૪-૩-૧૪ અને ૨૫-૩-૧૪ તાલીમના બાળકોની અંગ્રેજી અને ગુજરાતી સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

તા.૩૧-૩-૧૪ને સોમવારે ગુડીપડવા નિમિત્તે બાળકોને લીમડાનો રસ આપવામાં આવ્યો. ચૈત્ર માસ દરમ્યાન લીમડાનો રસ પીવાનું મહત્ત્વ સમજાવ્યું. ગુડી પડવો એ મહારાષ્ટ્રીયન લોકોનું બેસતુ વર્ષ છે એવી સમજ આપી.

તાલીમના બાળકો માટે ગ્રુપ ફોટાનું આયોજન કરવામાં આવ્યું.

વર્ષના અંતમાં તાલીમના બાળકોએ મનગમતા ગીતો ગાઈ રંગબેરંગી ટોપી પહેરી પોતાના વ્હાલા શિક્ષકોના શુભઆશિષ લઈ વ્હાલસોયા બાલમંદિરની વિદાય લીધી.

## શિશુમંદિર

તા.૨૨-૨-૧૪ના રોજ રમતોત્સવ યોજવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ વ્યક્તિગત અને સાંઘિક રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો.

તા.૪-૩-૧૪ને મંગળવારના રોજ સ્વયંશિક્ષણદિન ઉજવાઈ ગયો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

તા.૧૩-૩-૧૪ તથા ૧૪-૩-૧૪ના રોજ વસંતોત્સવ નિમિત્તે હોળીગીતોનો કાર્યક્રમ યોજાયો.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**સુગમ સંગીત સ્પર્ધા :** તા.૯-૧-૧૪

| | નામ | ગૃહ |
|---|---|---|
| પ્રથમ | મૈત્રી ત્રિવેદી | રત્નદીપ |
| દ્વિતીય | ધૈર્યા ઠક્કર | ગંગોત્રી |
| તૃતીય | હિમાદ્રી બ્રહ્મભટ્ટ | રત્નદીપ |
| | ખુશાલી રાવલ | રત્નદીપ |

**સલાડ સ્પર્ધા :** તા.૧૦-૧-૧૪

| | | |
|---|---|---|
| પ્રથમ | આશ્ના અગ્રવાલ | મેઘનાદ |
| દ્વિતીય | માનવ ભટ્ટ | ધવલગિરિ |
| તૃતીય | પ્રિયાંશી શાહ | રત્નદીપ |
| | નિતાંશી લાખાણી | ધવલગિરિ |

**ટેબલ ડેકોરેશન સ્પર્ધા :** તા.૧૦-૧-૧૪

| | | |
|---|---|---|
| પ્રથમ | દેવસ્ય ભગત | ધવલગિરિ |
| દ્વિતીય | કુશલ જેઠવા | રત્નદીપ |
| તૃતીય | ધ્રુવી ચુડાસમા | ગંગોત્રી |
| | અદિતિ પંચાલ | મેઘનાદ |

આખાય વર્ષ દરમ્યાન થયેલી વિવિધ આંતરગૃહ સ્પર્ધાઓનાં પરિણામમાં ચાર ગૃહોનો ક્રમ નીચે મુજબ આવે છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | રત્નદીપ | ૧૮૭ ગુણ |
| દ્વિતીય | ગંગોત્રી | ૧૦૯ ગુણ |
| તૃતીય | મેઘનાદ | ૧૦૫ ગુણ |
| ચતુર્થ | ધવલગિરિ | ૧૦૨ ગુણ |

# SHARDAMANDIR MODERN SCHOOL

## (અંગ્રેજી માધ્યમ)

તા.૧૮-૧-૧૪ના રોજ ધો.૩ અને ધો.૪ના વિદ્યાર્થીઓ માટે પતંગ બનાવવાની સ્પર્ધા યોજાઈ.તા.૨૨-૧-૧૪ના રોજ ધો.૨,૩,૪ના વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીમાં Short Speech Competition યોજાઈ.

તા.૧૩-૨-૧૪ના રોજ ટ્રાફિકનાં નિયમો અંગેના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું. તા.૨૦-૨-૧૪નાં રોજ રમતોત્સવ ઉજવવામાં આવ્યો, જેમાં વ્યક્તિગત તેમજ સાંધિક રમતોમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

તા.૨૫-૨-૧૪ના રોજ સ્વયં શિક્ષણ દિન ઉજવાયો. વિદ્યાર્થીઓએ સફળતાપૂર્વક શિક્ષણકાર્ય સંભાળ્યું.

**આંતરગૃહ સ્પર્ધાઓ :**

**સુગમ સંગીત સ્પર્ધા:** તા.૧૦-૧-૧૪

| | | નામ | ગૃહ |
|---|---|---|---|
| | પ્રથમ | યુવરાજ વ્યાસ | પારિજાત |
| | દ્વિતીય | દેશના શાહ | અમલતાસ |
| | તૃતીય | ભાગ્યેશ જાની | પલાશ |
| | | ક્રીશી શાહ | કદમ્બ |
| **વકતૃત્વ સ્પર્ધા** | | તા.૧૧-૧-૧૪ | |
| **ગુજરાતી** | પ્રથમ | રાજવી શાહ | કદમ્બ |
| | દ્વિતીય | પ્રાર્થના ઝાલા | અમલતાસ |
| | | પ્રતીક શાહ | પારિજાત |
| | તૃતીય | પ્રિયલ શાહ | કદમ્બ |
| | | અમાની અમીન | પારિજાત |
| **અંગ્રેજી** | પ્રથમ | યુવરાજ વ્યાસ | પારિજાત |
| **જુનિ.ગ્રુપ** | દ્વિતીય | અંશ શાહ | કદમ્બ |
| | તૃતીય | સમકિત શાહ | પલાશ |
| **સીની.ગ્રુપ** | પ્રથમ | હીર બક્ષી | અમલતાસ |
| | દ્વિતીય | સિધ્ધાંત શાહ | કદમ્બ |
| | તૃતીય | યેષાં દલાલ | કદમ્બ |
| | | નિર્મિત શાહ | પારિજાત |

**સલાડ ડેકોરેશન સ્પર્ધા:** તા.૧૦-૨-૧૪

| | | |
|---|---|---|
| પ્રથમ | ફોરમ શાહ | પલાશ |
| | યેશા પટેલ | પલાશ |
| દ્વિતીય | આયુષી ભગત | અમલતાસ |
| | કર્ણવી જાડેજા | અમલતાસ |
| | દેશના શાહ | અમલતાસ |
| | શાલ્વી શાહ | અમલતાસ |
| તૃતીય | ક્રીશી શાહ | કદમ્બ |
| | રાજવી શાહ | કદમ્બ |
| | માનુષ દોશી | પારિજાત |
| | યુવરાજ વ્યાસ | પારિજાત |
| | વિરાગ શાહ | પલાશ |
| | બ્રીજ ભટ્ટ | પલાશ |

આખાય વર્ષ દરમ્યાન થયેલી વિવિધ આંતરગૃહ સ્પર્ધાઓનાં પરિણામમાં ચાર ગૃહોનો ક્રમ નીચે મુજબ આવે છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | પારિજાત | ૨૭૫ ગુણ |
| દ્વિતીય | પલાશ | ૨૨૫ ગુણ |
| તૃતીય | અમલતાસ | ૨૦૫ ગુણ |
| ચતુર્થ | કદમ્બ | ૧૯૦ ગુણ |

**શિશુમંદિર તથા મોડર્ન સ્કૂલની સુગમ સંગીત સ્પર્ધાનાં નિર્ણાયક તરીકે સેવા આપવા બદલ શાળાની ભૂતપૂર્વ વિદ્યાર્થિની ચિ.બેન આનલ વસાવડા તરફ આભારની લાગણી વ્યક્ત કરું છું.**

## વિનયમંદિર

તા.૧૪ તથા ૧૫ ફેબ્રુઆરી નાં રોજ રમતોત્સવ યોજાઈ ગયો. વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર સાંધિક અને વ્યક્તિગત રમતોમાં ભાગ લીધો.

વર્ષ દરમ્યાન થયેલ આંતરગૃહ સ્પર્ધાઓમાં ગૃહોનો ક્રમ નીચે મુજબ રહ્યો છે.

| | | |
|---|---|---|
| પ્રથમ | ગીતગોવિંદ | ૧૮૭ ગુણ |
| દ્વિતીય | ચંદ્રમૌલિ | ૧૮૫ ગુણ |
| તૃતીય | મેઘદૂત | ૧૪૩ ગુણ |
| ચતુર્થ | પદ્મપુકુર | ૧૨૭ ગુણ |

## બાલમંદિરમાં વિજ્ઞાનમેળો

તા.૨૮-૨-૧૪ એટલે વિશ્વ વિજ્ઞાન દિન, આ દિવસે બાલમંદિર નાના બાળકોએ વિજ્ઞાનમેળો યોજ્યો. માત્ર ચાર પાંચ વર્ષના નાના નાના ભૂલકાંઓએ વિજ્ઞાનનાં પ્રયોગોનું નિદર્શન કર્યું અને ગૌરવભેર અને આત્મવિશ્વાસથી એમના પ્રયોગનું નિદર્શન રજૂ કર્યું. તે જોઈને આનંદ સાથે આશ્ચર્ય થાય તેવું હતું. ભવિષ્યમાં સારા વૈજ્ઞાનિક બનવાનાં બીજ અહીં જ રોપાય છે અને પછી તેને માવજત મળતાં તેઓ ખૂબ આગળ વધે છે ને સિધ્ધિ પ્રાપ્ત કરે છે. વિદ્યાર્થીના શિક્ષણ માટેની આ અસરકારક પધ્ધતિ છે.

## અભિનંદન

| | **ચિત્ર** | |
|---|---|---|
| **સંસ્થા** | **વિદ્યાર્થીનું નામ** | **ઈનામ** |
| એચ.સી.કપાસી વેલ્ફેર | યેશા સોલંકી | પ્રથમ |
| ટ્રસ્ટ વિદ્યાનગર સ્કૂલ | યેશા પટેલ | પ્રથમ |
| ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ મેનેજમેન્ટ | યેશા સોલંકી | દ્વિતીય |
| રીલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ | જય ભટ્ટ | પ્રથમ |
| કલાશિક્ષક સંઘ | યેશા પટેલ ધો.૮ E | ઈનામ |
| ગુજરાત રાજ્ય | ધ્રુવી વોરા ધો.૫ | ઈનામ |
| | ફેની શાહ ધો.૭ | ઈનામ |
| | **ફૂટબોલ** | |
| J.G.Cup | અમન શાહ | રનર અપ |
| | **સ્કેટીંગ** | |
| ગુજ.સ્ટેટ રોલર સ્કેટીંગ એસોસીએશન | ખંજન હાડા | દ્વિતીય |

આ સંસ્થાએ મેઈન્ટેનન્સ ગ્રાંટને બદલે સરકારે નક્કી કરેલી તેના વિકલ્પવાળી યોજનાનો ૧૯૯૯માં સ્વીકાર કર્યો. ત્યારબાદ મોંઘવારી વધતી ગઈ છતાં સરકારે આજ સુધી તેમાં કોઈ વધારો કર્યો નથી તે દુઃખદ છે. મેઈન્ટેનન્સ ગ્રાંટ લેતી સંસ્થાઓને આ વર્ષથી તેનો વધારો આપ્યો છે પણ વિકલ્પવાળી સંસ્થાઓનો તે અંગે વિચાર કર્યો નથી. આ સંસ્થા મોંઘવારી વધતી જાય તે પ્રમાણે ગ્રાન્ટ વિનાના વિભાગ માટે દસ ટકા જેવો વધારો કરે છે.શાળામાં મેઈન્ટેનન્સ ઉપરાંત શિક્ષકોની ઉપલબ્ધિ ન હોય ત્યારે પ્રોક્સી શિક્ષક જેવી વ્યવસ્થા કરીને સંસ્થા વિદ્યાર્થીઓને નુકશાન ન થાય તે જુએ છે.

સરકારશ્રીને મેઈન્ટેનન્સ ગ્રાંટના વિકલ્પવાળી સંસ્થાઓને વહેલી તકે ન્યાય મળે તે જોવા વિનંતી.

**શારદ : સંસ્થા સમાચાર બુલેટીન**
તંત્રી , મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે ,આચાર્ય અને નિયામક (શારદામંદિર)
અમદાવાદ -૩૮૦૦૦૭
email : shardamandir1924@gmail.com